*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 55

## કરવેરા અને અન્ય કાયદા વટહુકમ-2020




**ચર્ચામાં શા માટે ?**

**કરવેરા અને અન્ય કાયદાના વટહુકમ વિશે**

**વટહુકમ વિશે :-**


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



**TOPIC-55નો**
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો



અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in　t.me/icerajkotofficial　9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રીએ 'કરવેરા અને અન્ય કાયદા (વિવિધ જોગવાઈઓમાં રાહત) વટહુકમ-2020'ની જાહેરાત કરી હતી.

## કરવેરા અને અન્ય કાયદાના વટહુકમ વિશે

- આ વટહુકમ 'COVID-19' રોગચાળાને ધ્યાનમાં રાખીને વિવિધ કરવેરાઓ સંબંધિત છે.
- આ વટહુકમમાં કરવેરા અને બેનામી અધિનિયમ હેઠળ વિવિધ સમય મર્યાદાઓ લંબાવવાની જોગવાઈ કરવામાં આવી છે.
- આ વટહુકમ અંતર્ગત આવકવેરા, રાષ્ટ્રીય બચત પ્રમાણપત્રો અને જાહેર ભવિષ્ય નિધિ જેવા આવક વેરાના સાધનોમાં અંતિમ તારીખ વધારી દેવામાં આવી છે.
- આધારકાર્ડ અને પાનકાર્ડને એકબીજા સાથે જોડવાની છેલ્લી તારીખ 30-જૂન 2020 કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ માટે ઉપલબ્ધ 'PM-CARES FUD'માં સમાન કર રાહત આપવા આ વટહુકમ હેઠળ આવક વેરા અધિનિયમની જોગવાઈમાં પણ સુધારો કરવામાં આવ્યો છે.
- 'PM-CARES FUND'માં આપવામાં આવેલા દાનને આવકવેરા અધિનિયમની કલમ 80(G) અંતર્ગત સંપૂર્ણપણે આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.
- આ ઉપરાંત કુલ આવકના 10 ટકા કપાતની મર્યાદા ('PM-CARES FUND')માં આપવામાં આવેલા દાનમાં લાગુ થશે નહીં.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વટહુકમ વિશે :-

- ભારતના બંધારણના અનુચ્છેદ 123 હેઠળ રાષ્ટ્રપતિ પાસે સંસદનું સત્ર ચાલું ન હોય તેવી સ્થિતિમાં વટહુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા છે.
- વટહુકમની સત્તા સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદાની સમાન છે અને તે તત્કાલ અમલમાં આવે છે.
- વટહુકમ પ્રસિદ્ધ થયા બાદ સંસદની બેઠક મળે ત્યારથી 6 અઠવાડિયા (42 દિવસ)માં સંસદના બંને ગૃહની મંજૂરી લેવી જરૂરી છે.
- જો બન્ને ગૃહના સત્રો અલગ અલગ તારીખે ચાલું થતા હોય તો જે ગૃહનું સત્ર પછીથી ચાલું થાય તે તારીખથી 6 અઠવાડિયાનો સમય ગણવામાં આવશે.
- જો સંસદમાં વટહુકમ પસાર ન કરે અથવા વટહુકમ અંગે કોઈ નિર્ણય લેવામાં ન આવે તો 6 અઠવાડિયા (42 દિવસ) પછી વટહુકમ આપોઆપ રદ થઈ જાય છે.
- ગૃહના બે સત્રો વચ્ચેનો મહત્તમ સમયગાળો 6 મહિનાનો હોય છે, આથી વટહુકમ 6 મહિના અને 6 અઠવાડિયા સુધી અમલમાં રહે છે.
- વટહુકમ દ્વારા સંસદના કોઈપણ કાયદામાં સુધારો કરી શકાય છે. અથવા કાયદાને નાબૂદ કરી શકાય છે. પરંતુ બંધારણમાં સુધારો કરી શકાતો નથી.
- તેમજ રાષ્ટ્રપતિ કોઈપણ સમયે વટહુકમ પાછો ખેંચી શકે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT